

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ શહેરમાં જન્માષ્ટમીના દિવસે માર્કન્ડેશ્વર દાદાની શોભાયાત્રા નીકળી હતી. જે પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. ભકતોએ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે મેળો પણ ભરાયો હતો. જેમાં હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા અને મેળાની મોજ માણી હતી.

# ડીસાના કુચાવાડા ગામે થયેલ હત્યાનો આરોપી ઝડપાયો

ડીસા, તા. ૩૦

ડીસા તાલુકાના કુચાવાડા ગામની સીમમાં જન્માષ્ટમી પર્વના એક દિવસ અગાઉ એક વૃદ્ધ ઈસમની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. વળી મૃતક પાસેથી ૮૦૦ ગ્રામ માદક દ્રવ્ય અફીણ મળી આવતા આ મામલે ડીસા તાલુકા પોલીસે અજાણ્યા હત્યારા વિરૂદ્ધ મર્ડરનો ગુનો નોંધ્યો હતો. મૃતક વિરૂદ્ધ નારકોટીક્સ મુજબ ગુનો દાખલ કર્યો હતો જેમાં પોલીસે ગણતરીના કલાકોમાં હત્યારાને શોધી કાઢી જેલ હવાલે કરેલ છે.

આ ચકચારી મર્ડર કેસ પોલીસે ગણતરીના કલાકોમાં ડિટેક કરેલ છે ત્યારે આ ક્રાઈમ વિગતો જોતા ડીસા તાલુકાના પોલીસ ઈન્સ્પેકટર આર.એમ. ભદોરિયાને માહિતી મળેલ કે કોઈ અજાણ્યો ઈસમ કુચાવાડ ગામની સીમમાં મૃત હાલતમાં પડ્યો છે જે આધારે તેમને તપાસ કરતા મૃતક ઈસમ રાજસ્થાનના જાલોર જિલ્લાનો રાણીવાડા તાલુકાના કોટડા ગામનો ભુરાભાઈ મંગલભાઈ વિશ્નોઈ હોવાનું બહાર આવેલ છે. વળી મૃતકના જાત કબ્જામાંથી પોલીસને માદક દ્રવ્ય અફીણ રસ ૮૦૦ ગ્રામ કિંમત રૂ. ૪૦,૦૦૦ પણ મળી આવતા આ ઈસમ ડ્રગ ડીલર હોવાનું ખુલ્યું હતું. જેથી એક બીજી ફરિયાદ પણ મૃતક વિરૂદ્ધ માદક દ્રવ્યનો અલગથી 'નાર્કોટિક ડ્રગ્સ અને નશીલા પદાર્થ એક્ટ, ૧૯૮૫' મુજબ બીજી ફરિયાદ પોલીસ દ્વારા દાખલ કરી હતી. જે બાદ પોલીસે તેના વાલી વારસોને આ ઘટનાની જાણ કરતા તેઓ ડીસા ખાતે દોડી આવ્યા હતા. મૃતકના પરિવારજનોની કેફિયત મુજબ આ મૃતક ભુરાભાઈ મંગલભાઈ વિશનોઈ પોતાના ઘેરથી ગત ૨૭ ઓગષ્ટ-૨૦૧૩ના રોજ ટ્રેક્ટર ખરીદી કરવા પાંથાવાડા તરફ નીકળ્યો હતો અને જે બાદ તેમને આ હત્યાની જાણ થતા તેઓ ડીસા આવેલ છે.

આ સસ્પેન્ડ મર્ડર પોલીસ માટે ભારે કોયડારૂપ બનાવ હતો કેમ કે આ હત્યા કેસમાં હત્યારાઓનો ઈરાદો સ્પષ્ટ થતો ન હતો. કેમ કે મૃતક પાસેનું ડ્રગ્સ, રોકડા રૂપિયા ૩૬૦૦૦ તેમજ મોબાઈલ મૃતકના ગજવામાં અકબંધ હતી જેથી આ હત્યા લૂંટ, અદાવત કે ડ્રગ્સ પડાવી લેવા થઈ નથી તેવું સ્પષ્ટ દેખાતું હતું તો પછી શું હતું કારણ તે પોલીસ માટે મોટી તપાસનો વિષય બન્યો હતો ? જો કે તાજેતરમાં જ બગોદરા આંગડીયા લુંટ કેસ જેવા ક્રાઈમને માત્ર ગણતરીના દિવસોમાં જ ઉકેલી દેનાર ડીસા તાલુકા પી.આઈ. આર.એમ. ભદોરિયાએ આ ગુનામાંસ્થાનિકની સંડોવણીની શકયતાએ તપાસ હાથ ધરેલ અને ગુના વાળી જગ્યાએ નિત્ય આવન-જાવન કરતા લોકોની તપાસ કરતા ગુના સમયે કુચાવાડા ગામના જ બકરા ચરાવતા એક દેવી પૂજક એક દલિતની પાસેથી કોઈ કડી મળે તે આશાએ પૂછપરછ હાથ ધરી હતી ત્યારે જે સત્ય બહાર આવેલ તે સાંભળી પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે આ ગુનામાં ભુરાભાઈ વિશનોઈના હત્યારા પરબતભાઈ બેચરભાઈ દેવીપૂજકને ઝડપી પાડી જેલ હવાલે કરી દીધો છે.

# ભિલોડાના ભાણમેર ગામ પાસે જીપ અને બાઈક ટકરાતા યુવકનું કરૂણ મોત

ભિલોડા, તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં આવેલા ભાણમેર ગામ પાસે જીપ અને બાઈક ધડાકાભેર ટકરાતા એક યુવકનું કરૂણ મોત નિપજ્યું છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી. એસ. ઓ. હરીભાઈ કે.ગઢવીના જણાવ્યા મુજબ ભાણમેર ગામ પાસે જીપ નંબર. જી. જે. ૧૭.સી. ૨૪૧ના ચાલકે પુરપાટ ઝડપે બેદરકારીપુર્વક ગફલતભરી રીતે જીપ હંકારતા બજાજ પ્લેટીના બાઈક નંબર. જી. જે. ૧૮. આર. ૧૩૬૩ના ચાલક મહેશભાઈ મોડીયાને ભયાનક રીતે ટક્કર મારતા બાઈક ચાલક મહેશભાઈ મોડીયા આશરે ઉંમર વર્ષ-૩૦ રહેવાસી-ભાણમેર, તા.ભિલોડાનું કરૂણ મોત નિપજતાં પરીવારજનોએ ભારે રોકકળ મચાવી દીધી હતી. મહેશભાઈની સાથે બાઈક ઉપર પાછળ બેઠેલા સંજયભાઈ અને પંકજભાઈને પણ શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ થવા પામેલ છે. જીપ ચાલકે બાઈક ચાલકને ટક્કર મારી જીપ ચાલક ઘટનાસ્થળ ઉપર જીપ મુકી પલાયન થઈ ગયો હતો. ભિલોડા પોલીસ સ્ટેશનમાં આ અકસ્માત સંદર્ભે ભાણમેર ગામના રહેવાસી રણછોડભાઈ મેગાજી મોડીયાએ ફરીયાદ નોંધાવતાં પોલીસ ધ્વારા જીપ ચાલક વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ભિલોડા પંથકમાં પ્રાઈવેટ જીપ ચાલકો મન ફાવે તેમ પુરપાટ ઝડપે ગફલતભરી રીતે જીપો હંકારતા હોવાના કારણે નિર્દોષ પ્રજાજનોને જાન ગુમાવવાનો વારો આવે છે.પોલીસ ધ્વારા જીપ ચાલકો સામે હવે લાલ આંખ કરવાનો સમય પાકી ગયો હોવાનું લોકમુખે ચર્ચાય છે.જીપ ચાલકો આર.ટી.ઓ.ના નીતીનિયમો નેવે મુકી જીપો હંકારી રહ્યા છે.

# પ્રાંતિજ નજીક ગલતેશ્વર મહાદેવ મંદિરે અમાસનો મેળો ભરાશે

પ્રાંતિજ નજીક આવેલ ગલતેશ્વર ગામે મહાદેવના મંદિરે અમાસના દિવસે મેળો ભરાશે. જેમાં હજારોની સંખ્યામાં ભકતો ભોલેનાથના દર્શન કરી ધન્યતા અનુભવી મેળાની મોજ માણશે. ગલતેશ્વર મંદિરે તા. ૫-૯-૨૦૧૩ને ગુરુવારના રોજ વર્ષો જુના પૌરાણિક મહાદેવના મંદિરે આ વર્ષે પણ મેળાની જમાવટ થશે. ગામથી મહાદેવના મંદિર સુધી ત્રણ કિલોમીટર લાંબો માર્ગ શિવભકતોથી ઉભરાશે. મેળામાં આવનાર દરેક દર્શનાર્થીને મહાદેવના દર્શન સુંદર રીતે થાય તે માટેની વ્યવસ્થા કરેલ છે તેમ મંદિરના ટ્રસ્ટી સતીષભાઈ પંડયાએ જણાવ્યું હતું. શ્રાવણ મહિનાના છેલ્લા દિવસે ભગવાન ભોલેનાથના દર્શન કરી ભકતો ખુશી અનુભવે છે અને મેળાની મોજ માણે છે.

# ભિલોડા તાલુકા ભાજપ સંગઠન આઈ.ટી. સેલ કન્વીનર પદે નિમણુંક

ભિલોડા, તા.૩૦



ભિલોડા તાલુકા પ્રમુખ કાન્તીલાલ પટેલ અને મહામંત્રી ભવાનભાઈ તરારની ભલામણથી ભિલોડા તાલુકા ભાજપ સંઘઠન આઈ.ટી.સેલ કન્વીનર પદે યજ્ઞેશ એમ. પંચાલની નિમણુંક કરાતા આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા તાલુકા ભાજપ સંઘઠનના હોદ્દેદારો અને કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા હતા.

# હિંમતનગર ઈડર મોડાસાના કેન્દ્રો ખાતે ૧૫,૯૨૨ ઉમેદવાર ટેટ-૨ની પરીક્ષા આપશે

હિંમતનગર, તા. ૩૦

ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગમાં શિક્ષકો માટેની ટેટ-૨ની પરીક્ષા આગામી રવિવારે હિંમતનગર, ઈડર, મોડાસા ખાતે યોજાશે. ભાષા સામાજીક વિજ્ઞાન અને ગણિત વિષયના ૧૫,૯૨૨ વિદ્યાર્થીઓ ટેટ-૨ની પરીક્ષા આપવાના છે. ત્યારે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના કર્મચારીઓ તૈયારીમાં વ્યસ્ત બન્યા છે.

સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૬ થી ૮ના ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગમાં પ્રાથમિક શિક્ષક બનવા માટેની ટેટ-૨ની પરીક્ષા રવિવારે યોજાનાર છે. જિલ્લામાં હિંમતનગર, ઈડર અને મોડાસાના વિવિધ પરીક્ષા કેન્દ્રોમાં ૧૫,૯૨૨ વિદ્યાર્થીઓ પૈકી ભાષા વિષયના ૧૧,૦૯૦, સામાજીક વિજ્ઞાનના ૩,૭૯૬ અને ગણિત-વિજ્ઞાન વિષયના ૧૦૩૬ ઉમેદવારો આ પરીક્ષા આપશે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું કે હિંમતનગરની શાળાઓના ૩૭૦ બ્લોક, ઈડરની શાળાઓના ૧૭૦ બ્લોક, મોડાસા શહેરની શાળાઓના ૩૫ બ્લોકમાં પરીક્ષા માટેની બેઠક વ્યવસ્થાની ગોઠવણી કરવામાં આવી છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાનાર પરીક્ષામાં સ્થાનિક સ્કવોર્ડ સહિત જિલ્લા બહારની સ્કવોર્ડની ટીમના સભ્યો પરીક્ષા કામગીરીની દેખરેખ રાખશે.

# હિંમતનગર પોલીસને હાથે પાંચ ઘરફોડીયા ઝડપાયા

હિંમતનગર, તા. ૩૦


સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેર સહીત આજુબાજુના વિસ્તારોમાં છેલ્લા બે મહિનાથી અનેક ઘરફોડ ચોરીઓના બનાવો બન્યા છે ત્યારે તાજેતરમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે દાહોદ જિલ્લાના પાંચ ઘરફોડ ચોરી કરનારાને પકડી પાડ્યા હતા. પકડાયેલા પાંચેય હિંમતનગર શહેરમાં ૨૦ દિવસ પહેલા કરેલ ઘરફોડ ચોરી કબુલી હતી.

વિગત મુજબ હિંમતનગર શહેરના બેરણા માર્ગ પર આવેલ કર્ણાવતી સોસાયટીમાં આવેલા ૧૮-બી માં રહેતા જીતુભાઈ આશાભાઈ સિંધીના મકાનમાં ગત ૧૦મી ઓગષ્ટની રાત્રીએ સોનાચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ. ૧ લાખ ૩ હજારની મત્તાની ચોરી થયેલ જે અંગેની ફરિયાદ હિંમતનગર ટાઉન પોલીસમથકે ૧૧મી ઓગષ્ટના રોજ નીતુભાઈએ નોંધાવી હતી. દરમિયાન અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદમાં દાહોદ જિલ્લાના ગરબાળા તાલુકાના મલસિંહ નુરીયા ભાભોર, હિંદુ કાળુ ભાભોર, ચિત્રો રસુલ કટારા, માંજો સુનિયા કટારા અને ચેતન રમેશ ભાભોરને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા ત્યારબાદ પકડાયેલા આ પાંચેય જણા રાજ્યના અનેક જિલ્લામાં ચોરી કર્યાનું કબુલ્યુ હતુ. તેમાં હિંમતનગર શહેરમાં ૨૦ દિવસ પહેલા કરેલ ચોરી કબુલાત હિંમતનગર પોલીસે આ પકડાયેલા પાંચેયને ગુરૂવારે મોડી રાત્રે અમદાવાદથી ટ્રાન્સફર વોરંટથી હિંમતનગર લાવ્યા હતા. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકના અજમાઈશી નાયબ પોલીસ અધિક્ષક-ભક્તિબા ડાભીએ જણાવેલ કે હજુ પણ આ પકડાયેલા પાંચેય પાસેથી બીજા ચોરીના ભેદ ખુલે તેવી શકયતાઓ છે.

## પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિની મુદત એક માસ લંબાવવા રજુઆત

પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિની મુદત એક માસ લંબાવવા માટે મહેસાણા તથા સાબરકાંઠા જિલ્લાની સ્કૂલો દ્વારા કેન્દ્રને તથા રાજ્યને લેખિત રજૂઆત કરી હોવાનું જાણવા મળે છે. પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિના ફોર્મ ભરવામાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ જન વિકાસ સંસ્થાના કાર્યકર્તા અબ્દુલ સોહાબ અંસારી દ્વારા મહેસાણા તથા સાબરકાંઠા જિલ્લાની સ્કૂલો મારફતે પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિની સમયમર્યાદા એક માસ લંબાવવા લઘુમતિ બાબતના મંત્રાલય, દિલ્હી તથા ગુજરાત રાજ્ય વિકસતી જાતિ સમાજ કલ્યાણ ખાતુ ગાંધીનગરમાં લેખિત રજૂઆત કરેલ છે. આ યોજનાને લઈને ઘણી બધી સ્કૂલોમાં આનો જી.આર. પહોંચ્યો તથા ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ ખોલવામાં ઘણી મુશ્કેલીઓ વાલીઓને ભોગવવી પડે છે.





બનાસકાંઠા સરહદી વિસ્તાર ગણાતો પાલનપુર-ડીસા ખાતે ભગવાન શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવમાં ભવ્ય શોભાયાત્રા અને મટકી ફોડ દ્વારા ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગોવાળીયાએ અનેરૂ આકર્ષણ જમાવ્યુ હતુ. ડીસા વેપારી મથક ખાતે ભવ્ય શોભાયાત્રા સમગ્ર નગરમાં પરિક્રમા કરી હતી. જ્યારે પાલનપુરમાં પૌરાણીક રામજી મંદિરમાં રાત્રે શ્રીકૃષ્ણ જન્મ પ્રસંગે નંદઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. આ મંદિર ખાતે મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનમેદનીએ ઉમંગભેર ભાગ લીધો હતો. ભગવાનની શોભાયાત્રા શહેરના રાજમાર્ગો પર પરિક્રમા કરી મોડી સાંજે નિજ મંદિરે પરત ફરી હતી. જ્યારે શહેરમાં ઠેર ઠેર શોભાયાત્રાનું ઉષ્માભર્યું સ્વાગતમાં ભવ્ય આતશબાજી અબીલ-ગુલાબથી ભક્તજનો ભક્તિથી રંગાયા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૪૧૭ | ૬૧૬ |
| એરંડા | ૭૦૦ | ૭૧૭ |
| ઘઉં | ૩૦૮ | ૩૫૮ |
| બાજરી | ૨૧૦ | ૩૦૦ |
| ગવાર | ૯૦૦ | ૧૧૯૪ |

### સલાલ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૨૦ | ૭૦૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૫૦ |
| બાજરી | ૨૧૦ | ૨૬૫ |
| ડાંગર જ્યા | ૩૧૦ | ૩૪૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| ડાંગર જ્યા | ૩૧૦ | ૩૪૨ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૨ |
| મકાઈ | ૨૯૦ | ૩૨૫ |
| ઘઉં | ૩૧૪ | ૩૨૫ |
| બાજરી | ૨૫૦ | ૨૭૫ |
| ગવાર | ૧૦૫૦ | ૧૧૫૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૧ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૨૫ |
| મકાઈ | ૨૯૨ | ૨૯૬ |
| એરંડા | ૬૮૦ | ૬૯૧ |

### મોડાસા

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૬ |
| બાજરી | ૨૪૦ | ૨૮૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૫ |
| મગફળી | ૩૦૦ | ૪૦૦ |
| ગવાર | ૧૧૫૦ | ૧૨૧૯ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૭૫ | ૩૦૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૧૮૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૧૧ | ૩૨૦ |
| ડાંગર | ૨૬૫ | ૩૦૦ |
| એરંડા | ૭૦૫ | ૭૦૨ |
| ગવાર | ૧૦૦૦ | ૧૧૫૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૦ | ૬૧૫ |
| જુવાર | ૨૪૦ | ૩૭૫ |
| રાયડો | ૫૨૦ | ૫૭૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૫ | ૨૭૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૧૫ |
| ડાંગર | ૨૬૦ | ૨૯૦ |
| એરંડા | ૭૦૦ | ૭૧૦ |
| ગવાર | ૯૫૦ | ૧૧૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૧૫ | ૬૦૫ |
| જુવાર | ૨૩૦ | ૩૭૦ |
| રાયડો | ૫૧૦ | ૫૬૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૫૦૦ | ૭૨૫ |
| એરંડા | ૭૧૧ | ૭૨૬ |
| ઘઉં | ૩૧૫ | ૩૮૬ |
| બાજરી | ૨૪૦ | ૨૯૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૩૬ |
| ગવાર | ૯૦૦ | ૧૨૧૨ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૮૫ |
| મકાઈ | ૩૦૦ | ૩૨૪ |
| એરંડા | ૭૦૦ | ૭૨૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |
| મગફળી | ૬૫૦ | ૭૦૦ |
| તલ | ૧૫૦૦ | ૧૬૫૦ |
| ગવાર | ૧૦૨૫ | ૧૧૫૦ |
| જુવાર | ૩૪૦ | ૩૮૫ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૭ | ૩૫૫ |
| ડાંગર | ૨૩૦ | ૩૧૦ |
| બાજરી | ૨૩૦ | ૨૯૧ |
| જવ | ૨૧૪ | - |
| ગવાર | ૧૦૪૦ | ૧૨૩૦ |
| એરંડા | ૬૯૫ | ૭૦૦ |
| રાયડો | ૫૯૫ | - |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૩ | ૩૬૧ |
| બાજરી | ૨૨૦ | ૨૮૦ |
| એરંડા | ૭૦૨ | ૭૧૨ |
| રાયડો | ૬૧૨ | ૬૨૫ |
| રાજગરો | ૧૧૬૦ | ૧૨૧૧ |
| મગફળી | ૪૨૫ | ૭૦૦ |
| ગવાર | ૮૭૦ | ૧૧૭૧ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૫ | ૬૨૫ |
| એરંડા | ૬૯૦ | ૭૨૪ |
| ગવાર | ૪૦૦ | ૧૨૧૫ |
| ઘઉં | ૨૯૭ | ૩૬૮ |
| બાજરી | ૧૮૦ | ૨૮૮ |
| જુવાર | ૨૦૦ | ૯૨૦ |
| જવ | ૨૪૨ | ૨૮૯ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૬૪૧ |
| વરીયાળી | ૯૧૧ | ૧૯૮૫ |
| ઈસબગુલ | ૧૧૧૬ | ૧૩૮૧ |
| સરસવ | ૬૪૭ | ૭૦૮ |
| રાયડો | ૫૯૦ | ૬૫૧ |
| તલ | ૧૮૦૫ | ૨૪૨૧ |
| સવ | ૬૬૧ | - |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૬૨ |
| બાજરી | ૨૨૦ | ૨૯૫ |
| રાયડો | ૬૦૦ | ૬૨૧ |
| એરંડા | ૬૮૫ | ૭૨૩.૫૦ |
| જુવાર | ૨૦૦ | ૮૬૪ |
| તલ | ૧૯૦૫ | - |
| જવ | ૨૭૧ | - |
| ગવાર | ૯૦૦ | ૧૨૨૧ |
| રજકાના બી | ૧૧૦૦ | ૨૬૯૯ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૯ | ૩૬૩ |
| રાયડો | ૫૫૦ | ૬૧૨ |
| બાજરી | ૨૨૦ | ૩૦૭ |
| એરંડા | ૬૯૫ | ૭૨૧ |
| ગવાર | ૧૧૯૮ | ૧૨૦૦ |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૨૭ |
| એરંડા | ૬૮૫ | ૭૧૫ |
| બાજરી | ૨૨૫ | ૨૫૫ |
| ઘઉં | ૨૯૧ | ૩૪૯ |
| ગવાર | ૧૦૫૦ | ૧૨૪૦ |
| અડદ | ૫૪૫ | ૫૮૬ |
| મગ | ૭૫૦ | ૧૦૦૦ |
| ચણા | ૫૫૦ | ૫૮૦ |
| જીરૂ | ૨૨૭૦ | ૨૫૩૧ |
| સાસટો | ૨૫૦ | ૩૫૬ |
| સવા | ૬૩૦ | ૬૮૬ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૫૬ |
| એરંડા | ૭૦૫ | ૭૧૬ |
| બાજરી | ૨૪૦ | ૨૮૫ |
| રાયડો | ૬૧૦ | ૬૨૨ |
| ડાંગર | ૨૪૫ | ૩૧૦ |
| ગવાર | ૧૧૭૦ | - |
| જુવાર | ૩૫૦ | ૪૦૦ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૫ | ૭૧૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| બાજરી | ૨૫૫ | ૨૭૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૦ |
| ગવાર | ૯૦૦ | ૧૧૦૦ |

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૫૦ | ૨૪૦ |
| બટાટા ડીસા | ૧૮૦ | ૨૭૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૭૫૦ | ૬૦૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૭૦૦ | ૮૦૦ |
| રીંગણ | ૧૪૦ | ૨૫૦ |
| રવૈયા | ૧૬૦ | ૩૬૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા પાકા | ૨૪૦ | ૪૪૦ |
| દૂધી | ૮૦ | ૧૬૦ |
| કાકડી | ૧૦૦ | ૨૦૦ |
| ગીલોડા | ૩૦૦ | ૭૦૦ |
| મરચાં દેશી | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૬૦ |
| આદુ | ૮૦૦ | ૧૩૦૦ |
| બીટ | ૧૨૦ | ૨૨૦ |
| ગાજર | ૧૬૦ | ૨૪૦ |
| મરચા ધોલાર | ૭૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડા | ૧૬૦ | ૩૦૦ |
| ગવાર | ૨૦૦ | ૪૦૦ |
| ચોળી | ૮૦ | ૨૪૦ |
| ગલકા | ૫૦ | ૧૪૦ |
| તુરીયા | ૧૦૦ | ૨૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

AGL Radhe

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન